Issue No. : 4 | October Month

Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

# ROYAL RESONANCE

Club No. 82068 | RI District 3060 | Charter Date: 22nd April 2009

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

- **Rtn. Francesco Arezzo** – Rotary International President
- **Rtn. Amardeep Singh Bunet** – District Governor
- **Rtn. Dr. S. A. Chauhan** – President
- **Rtn. Nirav Doshi** – Secretary
- **Rtn. Nirav Doshi** – Bulletin Editor
- **Rtn. Gaurav Rathod** – Design



Adderess for Correspondance : Rtn. Vivek Shah, 118, Sagar Complex, Jashonath Chowk, Bhavnagar.

Phone : 9879 00 2192, 9825 46 6969 ▪ We meet every Wednesday at Honest Restaurant, Waghawadi Road, Bhavnagar.

Rotary

# THE 4 WAY TEST

## The 4-way test of the things we think, say or do

1. Is it the TRUTH ?
2. Is it FAIR to all concerned ?
3. Will it build GOODWILL and BETTER FRIENDSHIP ?
4. Will it be BENEFICIAL to all concerned?

## जो हम सोचते है, कहते हैं, करते हैं, उनकी चतुर्मुखी कसौटी

१. क्या यह सत्य है ?

२. क्या यह सभी संबंधित के लिए उचित है ?

३. क्या यह सद्भावना, भाईचारा और मित्रता बढाती हैं ?

४. क्या यह सभी संबंधित के लिए लाभदायक है ?

## આપણે જે વિચારીએ છીએ, કહીએ છીએ, કે કરીએ છીએ, તેની ચતુર્વિધ કસૌટી

૧. શું તે સત્ય છે ?

૨. શું તે બધા સંબંધિત માટે ઉચિત છે ?

૩. શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે ?

૪. શું તે બધા સંબંધિત માટે લાભદાયી છે ?

# રંગોળી દાંડિયા ૨૦૨૫

## રંગોળી રિસોર્ટ, ભાવનગર

મિત્રો, આપ સર્વે જાણો છો તે મુજબ "રંગોલી ડાંડિયા" એટલે ભાવનગર નું સર્વ શ્રેષ્ઠ , લોકપ્રીય, સુરક્ષિત, અને મોટામાં મોટું ગરબા આયોજન છે. દર વર્ષે ની જેમ જ આ વર્ષે પણ રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ, "રંગોલી ડાંડિયા ૨૦૨૫" આયોજન નું સહ પ્રાયોજક બન્યું હતું. આ વર્ષે પણ રોટરી રોયલ ના મેમ્બર્સો એ મોટી સંખ્યામાં માં "રંગોલી ડાંડિયા" માં હાજર રહી એક સુંદર ફેલોશિપ તો માંણી જ હતી સાથે સાથે પબ્લીક ઈમેજ હેતુ થી વિવિધ પ્રવૃતિઓ નું પણ આયોજન આ ગરબા માં કર્યું હતું. " રંગોલી ડાંડિયા ૨૦૨૫" દ્વારા આ વર્ષ પણ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ ને ખૂબ જ સુંદર પબ્લીક ઈમેજ, વિવિધ માધ્યમો જેવા કે તમામ LED સ્ક્રીન માં સતત રોટરી રોયલ ને હાઈલાઈટ્સ, હોર્ડિંગ્સ માં, સીઝન પાસ માં, સ્ટેજ પર થી announcements , દરરોજ એક મેમ્બર્સ ની ઇનામ વિતરણ માં હાજરી વિગેરે માધ્યમો થી પબ્લીક ઈમેજ મળી હતી. આ રંગોલી ડાંડિયા માં દરરોજ ૮૦૦૦ કરતા પણ વધુ લોકો આવતા હોય ત્યારે રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ ની સમગ્ર નવરાત્રી દરમિયાન શ્રેષ્ઠ પબ્લીક ઈમેજ થઇ હતી અને લોકો એ રોટરી રોયલ ની ઊંડાણ પૂર્વક માહિતી પ્રાપ્ત કરી હતી. દરરોજ ના વિવિધ આયોજનો જેવાકે મહા આરતી, સેલ્ફી હરીફાઇ, ઈન્સ્ટાગ્રામ રીલ, વિગેરે દ્વારા ખેલૈયાઓ ના મગજ માં રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ છવાઇ ગયું હતું. અંતિમ દિવસે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા રંગોલી ડાંડિયા ના ચેરમેન શ્રી અનિરુધ્ધ સિંહ ગોહિલ નું અભિવાદન અને felicitation કરવામાં આવ્યું હતું. આમ આ વર્ષે પણ "રંગોલી ડાંડિયા ૨૦૨૫" ના સહ પ્રાયોજક તરીકે સાથે રહી રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ ના મેમ્બર્સ ઓ એ ખૂબ જ સુંદર ફેલોશિપ તો માંણી જ અને ભાવનગર માં રોટરી ની શ્રેષ્ઠ પબ્લીક ઈમેજ પણ પ્રાપ્ત કરી હતી.











# રોટરી રોયલ ફટાકડા મોલ

વેલેન્ટાઇન સર્કલ, ભાવનગર

રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ ના મહત્વાકાંક્ષી અને ફ્લેગ શીપ પ્રોજેક્ટ એવા " રોટરી રોયલ ફટાકડા મોલ" નું ભવ્ય ઉદઘાટન તા - ૧૨/૧૦/૨૫ ને રવીવાર ના રોજ મહેમાનો, ઉધોગપતિઓ, રાજકીય આગેવાનો, વિવિધ સંગઠન ના હોદેદારો તથા મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ ની હાજરી માં યોજાયું હતુ. રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ નો ફટાકડા પ્રોજેક્ટ એ ૧૦ દિવસ સુધી ચાલતો સૌથી મોટો કાયમી પ્રોજેક્ટ છે સાથે પબ્લીક ઈમેજ પ્રોજેક્ટ છે. ચાલુ રોટરી વર્ષ માં શહેર ના હાર્દ સમા વાઘાવાડી રોડ પર ના નવનિર્મિત અધ્યતન " ગોલ્ડન અમ્પાયર " કોમ્પલેક્ષ માં આ ફટાકડા મોલ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આજ રોજ આ ઉદઘાટન પ્રસંગે એક નવી પહેલ ના ભાગ રૂપે ક્લબ મેમ્બર્સ ની લક્ષ્મીજી સ્વરૂપ દીકરીઓ ના વરદ્ હસ્તે અતિથિ વિશેષ અને આમંત્રીત મહેમાનો ની ઉપસ્થિતિ માં ફટાકડા મોલ નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદઘાટન પ્રસંગે શહેર ના ધારાસભ્ય શ્રીમતી સેજલ બેન પંડ્યા, ડેપ્યુટી મેયર શ્રીમતી મોનાબેન પારેખ, કમિશનર શ્રી મીણા સાહેબ, મેયર શ્રી ભરતભાઈ, તથા વિવિધ ઉધોગપતિઓ અને સંગઠનો ના હોદેદારો તથા રોટરી ના આસિસ્ટન્ટ ગવર્નર રો. જતીનભાઈ ભાયાણી ઉપસ્થિત રહ્યા હતા અને રોટરી રોયલ ને શુભેરછાઓ પાઠવી હતી. ચાલુ વર્ષે આ ફટાકડા મોલ માં ફટાકડા ની વિવિધ વેરાયટીઓ મોટા પાયે લાવામાં આવી છે. મિત્રો, આ ફટાકડા મોલ ના ભવ્ય ઉદઘાટન સાથે રોટરી રોયલ ની પ્રણાલી મુજબ નવા વર્ષ ના કેલેન્ડર નું મહેમાનો તથા અતિથિ વિશેષ ની ઉપસ્થિતિ માં વિમોચન કરવામાં આવ્યું હતું. આ ફટાકડા પ્રોજેક્ટ અંતર્ગત ફટાકડા ની ખરીદી સાથે પ્રત્યેક ગ્રાહક ને ૧૦% ડિસ્કાઉન્ટ, લક્કી ડ્રો કૂપન અને નિશુલ્ક કેલેન્ડર જેવા અનેક પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છે.મિત્રો, જણાવતા આનંદ થાય છે કે દર વર્ષ જેમ જ ફટાકડા ના વેચાણ થી થતી આવક માંથી રોટરી રોયલ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને જરૂરિયાતમંદ લોકો ને સહાય પૂરી પાડવામાં આવે છે. આ ફટાકડા મોલ ના ઉદઘાટન સાથે ઓક્ટોબર મહિના ના સુદામાની જોળી પ્રોજેક્ટ નું પણ ફટાકડા મોલ પરથી જ આયોજન કરવામાં આવ્યું હતું અને મહેમાનો ના વરદ્ હસ્તે લાભાર્થીઓ ને રાશન કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. મિત્રો, ફટાકડા મોલ ના ભવ્ય ઉદઘાટન પ્રસંગે મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ, ફેમીલી મેમ્બર્સ, રોટરેક્ટર મિત્રો, તથા ઇન્ટરેક્ટર મેમ્બર્સ હાજર રહ્યા હતા અને વિવિધ કામગીરી સંભાળી હતી. આ વર્ષ ના ફટાકડા મોલ ના ઉદઘાટન માં હાજર સર્વે મહેમાનો, અતિથિ વિશેષ, ક્લબ મેમ્બર્સ, દીકરીઓ, ઇન્ટરેક્ટર મેમ્બર્સ, રોટરેક્ટર મિત્રો નો રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ આભાર વ્યક્ત કરે છે.



Rotary PEOPLE OF ACTION

# રોટરી રોયલ ફટાકડા મોલ

વેલેન્ટાઇન સર્કલ, ભાવનગર


















# રોટરી રોયલ ફટાકડા મોલ ઇનામ ડ્રો

તા.૨૧/૧૦/૨૫ સાઈકલ ના લક્કી ડ્રો સાથે રોટરી રોયલ દ્વારા આ વર્ષ નો ફટાકડા પ્રોજેકટ પૂર્ણ કરી રહ્યા છીએ ત્યારે ફટાકડા સાથે ના રોયલ ના તમામ વચનો પણ પૂર્ણ કરી રહ્યા છીએ.ટીમ વર્ક , સુંદર આયોજન, લાગણીઓ, પારિવારિક માહોલ, સાથે આપણે આ વર્ષે પણ ભાવનગર માં અનોખો પબ્લીક ઈમેજ પ્રોજેકટ સંપન્ન કર્યો છે. આ પ્રોજેકટ સાથે રોટરી રોયલ દ્વારા અંતિમ દિવસે લક્કી ડ્રો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાયકલ ઉપરાંત ૧૦ અન્ય ઇનામો નો ડ્રો દીકરીઓ ના હસ્તે કરવામાં આવ્યો હતો. લક્કી ડ્રો ના સર્વે વિજેતાઓ ને સ્થળ પર ( ફટાકડા મોલ) પર બોલાવી ને જાહેર જનતા સમક્ષ ઇનામો આપવામાં આવ્યા હતા.મિત્રો, ફટાકડા મોલ ની સફળતા એ આપણી ટીમ વર્ક નું ઉમદા ઉદાહરણ છે જેની નોંધ dist ૩૦૬૦ અને સમગ્ર ભાવનગર માં લેવામાં આવી છે . મિત્રો , જણાવતા આનંદ થાય છે કે ભાવનગર ના યુવરાજ સાહેબ શ્રી જયવીરરાજ સિંહ જી સાહેબ એ પણ આપણા ફટાકડા મોલ ની મુલાકાત લીધી હતી અને ફટાકડા ની ખરીદી કરી હતી તેમજ રોટરી રોયલ ની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ને બિરદાવી હતી જે આપણી માટે ખુબ જ આનંદ અને ગૌરવ ની વાત છે.આ સાથે સૌ પ્રથમ તો ફટાકડા મોલ માં દિવસ રાત અવિરત શ્રમ દાન ( સેવા આપનાર) કરેલ દરેક મેમ્બર્સ ને વંદન. આ ઉપરાંત ફેમીલી ફેલો શીપ ના ડીનર ના સહયોગી શ્રી ઓ તથા ડીનર માટે અનુદાન આપનારા સર્વે મેમ્બર્સ નો પણ આભાર. આ ક્ષણે રોટેરેક્ટ અને ઇન્ટરેક્ટ મેમ્બર્સ ની અથાગ પરિશ્રમ સાથે ની મહેનત પણ ઉલેખનીય છે. સોશિયલ મીડિયામાં જાહેરાત થકી મોટા પ્રમાણ માં ભાવનગર માં પ્રચાર માટે પણ સર્વે મેમ્બર્સ નો આભાર . શાળા સંચાલકો તથા તમામ ક્લબ ના શિક્ષક ગણ નો ડિસ્કાઉન્ટ કુપન વિતરણ માં સિંહફાળો રહ્યો છે તે સર્વે મિત્રો નો પણ આભાર વ્યક્ત કરવામાં આવે છે.પ્રોજેકટ ચેર રો. કૃષ્ણદેવ સિંહ સરવૈયા અને પ્રેસિડેન્ટ રો. શકીલ ભાઈ એ ફટાકડા પ્રોજેકટ ની સફળતા માટે ભાવનગર ની જનતા અને રોટરી રોયલ ના મેમ્બર્સ નો ખરા અર્થમાં આભાર વ્યક્ત કર્યો હતો.



# JOY OF GIVING

BE A RESON FOR THEIR SMILE

મિત્રો, ગત વર્ષે થી આપણી ક્લબ દ્વારા શરૂ કરવામાં આવેલ નવી પહેલ અંતર્ગત ભાવનગર ના આંતરિયાળ દરિયા કિનારા ના વિસ્તારોમાં મીઠા અને ચુના ના અગરો માં મજૂરી કામ કરતા ગરીબ મજૂરો ના બાળકો ને દિવાળી ની ઉજવણી માટે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા આજ રોજ તા ૧૬/૧૦/૨૫ ને ગુરુવાર ના રોજ ફટાકડા ની ૨૦૦ કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. રોટરી રોયલ દ્વારા QR CODE સ્કેન કરી રૂ. ૨૫૦/ અને ૫૦૦/- ની કિંમત થી ભંડોળ એકત્રીત કરી તેમાંથી ફટાકડા ની કીટ બનાવામાં આવી હતી જેનું આજ રોજ સમાજ ના છેવાડા ના બાળકો સુધી પહોંચી ને વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોજેકટ ચેર રો. રોનક મહેતા ના અથાગ પ્રયત્નો થી આ વર્ષે આપણી ક્લબ ૨૦૦ કીટ નું ભંડોળ અત્યાર સુધીમાં  એકત્રીત કરી શકી અને સમાજ ના છેવાડા ના બાળકો સુધી પહોંચી અને તેમની દિવાળી ની ઉજવણી શક્ય બનાવી હતી. સેવા ની સરવાણી ના આ ઉમદા પ્રોજેક્ટ માં ક્લબ મેમ્બર્સ તેમજ અન્ય સહયોગી દ્વારા મળેલ આર્થીક યોગદાન બદલ રોટરી રોયલ સર્વે નો આભાર વ્યક્ત કરે છે. ભાવનગર ના છેવાડા ના અંતરિયાળ વિસ્તારમાં અત્યંત જરૂરિયાતમંદ અને આર્થીક નિઃસહાય પરિવાર ના અર્ધનગ્ન ભૂલકાંઓ ના હાથ માં ફટાકડા આપ્યા બાદ તેમના મુખ પર નું સ્મિત જોઈને પ્રેસિડેન્ટ રો. શકીલભાઇ અને પ્રોજેકટ ચેર રો. રોનકભાઈ ભાવુક બન્યાં હતાં.









# અભિનંદન સહ શુભેચ્છાઓ

IPP રો. હરી કૃષ્ણ પારેખ અને તેમની ટીમ દ્વારા ગત્ વર્ષ દરમ્યાન "નંદઘર" આંગણવાડી ના બાળકો ને પોષણ યુક્ત પૌષ્ટિક આહાર સમગ્ર વર્ષ દરમ્યાન નિયમિત સ્વરૂપે આપવાના પ્રોજેક્ટ બદલ આંગણવાડી કેન્દ્ર નં - ૧૦૨ દ્વારા મોમેન્ટો અર્પણ કરી સન્માનીત કરવામાં આવ્યા છે. રોટરી ના સાત પાયા ના ફોકસ એરિયા માં ના એક એવા " maternal and child health" ઉપર કાર્યરત આ પ્રોજેકટ માં સાપ્તાહિક ધોરણે આંગણવાડી ના બાળકો ને શ્રીમતી પ્રીતિબેન હરિકૃષ્ણ પારેખ દ્વારા વિવિધ પોષણ યુક્ત પૌષ્ટિક વ્યાજનો પીરસવામાં આવ્યા હતા.

આંગણવાડી દ્વારા કરવામાં આવેલા આ સન્માન બદલ રો. હરિકૃષ્ણ પારેખ તથા પ્રીતિ ભાભી ને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.



Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

# Birthday & Anniversary

## HAPPY BIRTHDAY

| | |
|---|---|
| Rtn. Ritesh Thakkar | 04 Oct |
| Rtn. Chirag Trivedi | 06 Oct |
| Rtn. Ram Ramani | 08 Oct |
| Rtn. Sohil Patel | 17 Oct |
| Rtn. Sanjay Savani | 19 Oct |
| Rtn. Malay Badheka | 21 Oct |
| Rtn. Dr Sanjiv Ravi | 22 Oct |
| Rtn. Ankit Bhadiyadra | 25 Oct |
| Rtn. Manish Dasadiya | 25 Oct |
| Rtn. Paurav Bhatt | 27 Oct |
| Rtn. Hitesh Vyas | 28 Oct |
| Rtn. Ronak Mehta | 28 Oct |

## HAPPY ANNIVERSARY

| | |
|---|---|
| Rtn. Arjun Parekh | 05 Oct |
| Rtn. Raheel Merchant | 30 Oct |
| Rtn. Abbas Verteji | 31 Oct |



Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD





PARSHWA computer media
the house of
DIGITAL product



NEW LAPTOP & DESKTOP
SECONDHAND LAPTOP DESKTOP
CCTV & WI FI CAMERA
COMPUTER ACCESSORIES

128, Madhav Darshan, Waghawadi Road, Bhavnagar - 364001.
+91-9925141232 - 7046555561